**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# સે-૧૧ વાણિજય સંકુલો પર દબાણ તંત્ર ત્રાટકયું

## બે કોમ્પલેક્ષના ભોંયરામાં બનાવી દેવાયેલી ૨૨ દુકાનો સીલ : સે-૭માં ૧૦ દુકાનના શેડ જયારે સે-૩ ના વેપારીઓએ જાતે દબાણ દુર કર્યા : મનપા તંત્રએ ૩ દિવસમાં ૬૫ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમનું બુલ ડોઝર દબાણકારો પર ફરવા લાગ્યું છે. તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવતા દબાણકારોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ઘ-૫ ખાણીપીણી બજાર તેમજ સેકટર-૨૧માં દબાણ દુર કર્યા બાદ આજે તંત્રની ટીમ સેકટર-૧૧માં વાણીજય કોમ્પલેક્ષ પર ત્રાટકી હતી. જેમાં પાર્કીંગ અને સ્ટોરના સ્થાને દુકાનો બની ગઈ હોવાથી હેતુફેરના કારણે તંત્રએ અભિષેક કોમ્પલેક્ષમાં ૧૩ અને વિજય કોમ્લેક્ષમાં ૯ દુકાનોને સીલ મારી દીધા હતા. તંત્રએ દુકાનોને સીલ મારતા સમગ્ર શહેરના વેપારી આલમમાં ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ સેકટર-૭ મુખ્ય શોંપીગ સેન્ટરમાં દબાણમાં ઉભા કરાયેલા નડતર રૂપ ૧૦ દુકાનના શેડ તોડી પાડવામાં આવ્યા હતા. ગાંધીનગર મનપાની ટીમે નગરમાંથી લારી-ગલ્લા તેમજ કાચાં છાપરાના દબાણો દુર કર્યા બાદ રાહતનો દમ લેશે તેવું લાગી રહ્યું હતું. પરંતુ હવે દબાણ ટીમ સક્રિય થઈને પાકા દબાણનો વારો કાઢીને કોઈની પણ શેહશરમ રાખ્યા વિના દબાણ દુર કરવામાં આવતા દબાણકારોમાં પણ ભય ફેલાયો છે. જયારે કેટલાક દબાણકર્તાઓ પાકા દબાણો પર તંત્રનું બુલ ડોઝર નહી ફરી વળે તેવી મનમાં ધારણા કરીને બેઠા હતા. પરંતુ તંત્રની દબાણ ટીમે શહેરમાં સપાટો બોલાવતા ચારેકોર હાહાકાર મચી જવા પામ્યો છે. જયારે આગામી દિવસોમાં પણ દબાણનું બુલ ડોઝર કયા સેકટરના દબાણ પર આવશે તે કહેવું મુશ્કેલ છે પરંતુ આવશે જરુર.



ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમ સેકટર-૭ માં ત્રાટકતા અને દુકાનોના શેડ સહિતનું દબાણ દુર કરી રહ્યું હોવાના સમાચાર સેકટર-૩ શોંપીગ સેન્ટરના વેપારીઓને મળતા વેપારીઓએ દબાણ ટીમ આવે તે પહેલા પોતાની દુકાનના બોર્ડ તેમજ લોખંડની ઈન્ગલો તેમજ શેડ જાતે તાત્કાલીક અસરથી દુર કરી દીધા હતા. કોઈ દિવસ ન હટતા કે હટાવતા બોર્ડ કે ઈન્ગલો જાતે દુર કરતા સ્થાનિક વસાહતીઓ પણ અચંબામાં પડી ગયા હતા.

### તંત્રએ દબાણની સાથે ૩ દિવસમાં ૬૫ કિલો પ્લાસ્ટીક પણ જપ્ત કર્યું

શહેરમાં દબાણની ટીમ દ્વારા વિવિધ સેકટરોમાં ઓટલા, શેડ અને લોખંડના થાંભલા-ઈન્ગલો સહિતના દબાણ દુર કરાતા હાહાકાર મચી ગયો છે. દબાણ મુકત શહેરની સાથે સાથે પ્લાસ્ટીક મુકત શહેર બની રહે તે માટે તંત્રએ શહેરના સેકટર-૬, ૭, ૨૧ અને ૨૪માં આવેલ વિવિધ દુકાનો તેમજ શાકમાર્કેટમાંથી પ્લાસ્ટીકની થેલીઓ, ચાની કીટલીઓ પરથી પ્લાસ્ટીકના કપ સહિત તંત્રની ટીમે માત્ર ૩ દિવસમાં દુકાનદારો પાસેથી ૬૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કર્યું છે.





## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ સ્તુતિ વંદના તપનભાઈ ત્રિવેદી બ્લોક નં. ૧૧૪/૫, છ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવ આરાધના પૂજા પાઠ રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન જીજ્ઞેશકુમાર એચ. જોષી પ્લોટ નં. ૪૪૪/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૪ના રોજ શોષની ઘટના હિંડાળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે રત્ન મંડીત કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● આંબેડકર યુવક મંડળ પીંપળજ દ્વારા સમાજ કલ્યાણની વિવિધ સમિતિની રચનાની બેઠક રાત્રે ૯ કલાકે પીંપળજ ખાતે મળશે.

# અમિયાપુર મેરૂધામમાંથી રૂ.૨.૫૦ લાખની ચોરી

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદ લેકવ્યુ સોસાયટીમાં રહેતા આશાબેન ઉતમકુમાર મહેતા પાપડ અને ખાખરાનો વ્યવસાય કરે છે. પોતાના વેપાર-ધંધામાંથી થતી બચતના રૂપીયા ગાંધીનગર અમિયાપુર મેરૂધામ ખાતે રહેતા મોટાભાઈ મલયસિંગ મહારાજને સાચવવા માટે આપ્યા હતા. જે તેઓએ કબાટમાં મુકીને લોક મારીને ચાવી બાજુમાં લટકાવી હતી. તા.૧૨ મી એ બપોરે મોટાભાઈનો ફોન આવ્યો હતો કે બપોરે ૧૦ કલાકથી પોણા બે વાગ્યા દરમિયાન પૂજા કરવા ગયા હતા. પોતાના રૂમમાં પરત આવીને કબાટ ખોલીને જોતા તેમાંથી આશાબેનના રૂ. ૨.૫૦ લાખ સાથેનું પર્સ ચોરી થઈ જવા પામ્યું છે. ત્યારે આશાબેનની ફરિયાદને આધારે અડાલજ પોલીસે પીએસઆઈ એ.જી.એનુરકારે આ દિશામાં તપાસ હાથ ધરી છે.



# તમારા કાર્યને સરળતાથી પાર પાડવા ટેરો કાર્ડ ઉપયોગી નિવડશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં સૌપ્રથમવાર ટેરો કાર્ડ રીડિંગ સેમિનારનું આયોજન ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શહેરના એકમાત્ર ટેરો કાર્ડ રીડર પ્રીતિ અમિત ગડકરી દ્વારા ટેરો કાર્ડ રીડિંગ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

પ્રીતિ ગડકરીના મતે 'ટેરો કાર્ડ રીડિંગ એ કોઈ અંધશ્રધ્ધાનો વિષય નથી કે તે કોઈ ભવિષ્યવાણી નથી પરંતુ આ એક વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ઉપરાંત ગાણિતિક પધ્ધતિના સમન્વયથી ચાલતી પ્રક્રિયા છે. જેમાં ટેરો કાર્ડ રીડર તમારા કામને વધુ સરળ રીતે પાર પાડી શકાય તે માટે મદદરૂપ બને છે.' અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના એકમાત્ર ટેરો કાર્ડ રીડર પ્રીતિ ગડકરી સે-૮માં ઝેવિયર્સ સ્કૂલમાં કોમ્પ્યુર શિક્ષિકાની ફરજ બજાવે છે. આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારને સફળ બનાવવામાં શ્વેતા ખત્રી અને તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને પ્રીતિ ગડકરીએ જણાવ્યું હતું કે 'ટેરો કાર્ડ રીડિંગ કોઈ પણ વ્યકિત શીખી શકે છે અને પોતાના જીવનને વધુ સરળ અને સારી રીતે જીવી શકે છે.'

## સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના ખેલાડીએ ૨ ગોલ્ડ સાથે ૪ મેડલ જીત્યા



ગુજરાત રાજય એકવેટિક એસોસિએશન દ્વારા રાજકોટ ખાતે આયોજિત રાજયકક્ષાની તરણ સ્પર્ધામાં ગાંધીનગરના યુવા તરણવીર રાજીન્દરસીંઘ આનંદે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા સાથે ૨ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ્સ જીતી લેતા શહેરના રમતજગત આલમમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.



## અક્ષયપાત્ર અને ઈસ્કોનમાં ગાંધીનગરનો 'કલરવ' ગુંજયો

ગાંધીનગરની કલરવ સંસ્થાના ૫૦ બાળકોને ભાડજ ખાતેના 'અક્ષયપાત્ર'ની મુલાકાત કરાવાઈ હતી જેમાં બાળકોએ સંસ્થાની કામગીરી નિહાળી હતી. આ સાથે બાળકોને ઈસ્કોન મંદિરે દર્શનાર્થે પણ લઈ જવાયા હતા. જયાં બાળકોના 'કલરવ'થી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું.

## રાજધાનીના અસરગ્રસ્ત કિસાનો ધ્વજવંદન સાથે આગામી લડતની રણનીતિ નક્કી કરશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સ્થાપનાને ૫૦ વર્ષથી વધુ સમય વિતવા છતાં હજુ પણ પાટનગરના નિર્માણમાં અસરગ્રસ્ત ખેડૂતોને ન્યાય મળ્યો નથી અને ખેડૂતોના પડતર પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી. આ કારણથી રોષે ભરાયેલા ખેડૂતો દ્વારા આગામી તા. ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિને રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના નેતા હેઠળ તેમની વેદના અને અવાજ સરકારને પહોંચાડવા ધ્વજવંદન સાથે આગામી રણનીતિ ઘડવા વિચાર વિમર્શનું આયોજન કરાયું છે. આ અંતર્ગત મંડળ દ્વારા સ્વાતંત્ર્ય દિને સવારે ૯ કલાકે સેકટર-૨૫ની જીઆઈડીસીમાં કોલવડા ગામની સીમમાં આવેલ પ્લોટ નં. એ-૧૯ ખાતે ધ્વજવંદન કરવામાં આવશે.

પાટનગરના નિર્માણમાં ૧૪ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોના પરિવારો આ ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમજ જિલ્લાના અગ્રણી અસરગ્રસ્ત ખેડૂત ઈન્દ્રોડાના જુગાજી ઠાકોર, વાવોલના અમરસિંહ ગોલ, કોલવડાના ભીખાભાઈ પટેલ, સેકટર-૧૫ના ફતેપુરાના ચંદુજી ઠાકોર તથા શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો અંગે લડત આપવા લોકઆંદોલન છેડવાથી માંડીને વિધાનસભા ઘેરાવ અને રાજયપાલ સમક્ષ ખેડૂતોના ઈચ્છા મૃત્યુની માંગણી કરવા સુધીના કાર્યક્રમો યોજવા અંગે વિચાર વિમર્શ કરાશે.

## ભાજપ મહિલા મોરચા દ્વારા ટિફિન બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૧૩

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા મહામંત્રી ભાવનાબેન પાઠકના નિવાસસ્થાને સે-૩૦માં ટિફિન બેઠક યોજાઈ હતી. ગાંધીનગર મહાનગરના પ્રમુખ મણીબેન દેસાઈ, મુખ્ય સંકલનકર્તા ભારતીબેન શુકલ, જિલ્લા પ્રમુખ છાયાબેન ત્રિવેદી, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, નીલાબેન શુકલ તેમજ સંગઠનની તમામ બહેનોએ હાજરી આપી હતી. ૫૦ જેટલી બહેનો માટે કાનૂની શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિમળાબેન અયાચિ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ સાથે ભા.જ.પ. મહિલા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા સંગીતાબેન ચૌધરીના નિવાસસ્થાને વોર્ડ નં. ૪ની પણ ટીફીન બેઠક યોજાઈ હતી. જેમાં ગાંધીનગર મહાનગરના પ્રમુખ મણીબેન દેસાઈ, મુખ્ય સંકલનકર્તા ભારતીબેન શુકલ, મહામંડળના ભાવનાબેન પાઠક, અનિતાબેન પાઠક, કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, વોર્ડ પ્રમુખ પ્રતિમાબેન જાની તથા વોર્ડના હોદ્દેદારોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વાવોલ પ્રાથમિક શાળામાં સ્વાત્રંત્ર્ય દિનની ઉજવણી યોજાશે

ગાંધીનગર, તા.૧૩

તા. ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ વાવોલ પ્રાથમિક શાળામાં સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

આ પ્રસંગે એમ.બી. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, ગામ આગેવાનો સહિત મોટી સંખ્યામાં પંચાયતના સભ્યો તેમજ સરપંચ નગીનભાઈ નાડિયા નાયબ સરપંચ ભાવના બા, વિક્રમસિંહ ગોલ સહિત વાવોલના ગ્રામજનો ઉપસ્થિત રહી સ્વાતંત્ર દિનની શાનદાર ઉજવણી કરશે.

# સે-૨૧ જિલ્લા પુસ્તકાલય ખાતે લાયબ્રેરી ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે ડૉ.એચ.આર.રંગનાથની જન્મ જયંતિ અને લાયબ્રેરી ડે ની ઉજવણીના ભાગરૂપે તા. ૧૨મી ઓગષ્ટના રોજ વિવિધ વિષયમાં પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રદર્શનને ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડે. મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, માનવીના જીવનમાં પુસ્તક જ સાચો મિત્ર છે. પુસ્તક મિત્ર હોવાથી જીવનમાં એકલતાનો અનુભવ થશે નહી. પુસ્તકોના વાંચનથી મનના વિચારો સુવિકસીત બને છે.

આ પ્રસંગે જિલ્લા ગ્રંથપાલ ડૉ. જયરામ દેસાઈએ વિદ્યાર્થીઓને પુસ્તક વાંચનથી જીવનમાં થતાં ફાયદાઓની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આ પ્રદર્શનને સફળ બનાવવા માટે જિલ્લા પુસ્તકાલયના કર્મયોગી શ્રી ભાઈલાલભાઈ પટેલ અને અન્ય કર્મયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# છેવાડાના ગામ દોડમાં એસ.ટી. સેવાનો પ્રારંભ

## વર્ષોથી એસ.ટી. સેવાથી વંચિત દહેગામ તાલુકાના દોડ ગામે એસ.ટી. શરુ થતા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં ખુશીની લહેર

ગાંધીનગર, તા.૧૩

પાયાની સુવિધાઓ રાજયના છેવાડાના ગામો સુધી પહોંચાડવા સરકાર કટિબધ્ધ બની છે. જેમાં વીજળી, પાણી, રસ્તા અને મુસાફરીને અગ્રીમતા અપાઈ છે જે મુજબ દહેગામ તાલુકાનું છેવાડાનું ગામ દોડ વર્ષોથી એસ.ટી.ની મુસાફરીથી વંચિત રહ્યું હતું. જે અંગે દહેગામ ડેપોના સંનિષ્ઠ પ્રયાસો થકી તાજેતરમાં બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એસ.ટી. બસ શરુ થતાં ગામના વિદ્યાર્થીઓ અને મહિલાઓમાં સૌથી વધુ ખુશી જણાઈ રહી છે અને સરકારના આ નિર્ણયને આવકારી બસ નિયમિત મળી રહે તેવી અપેક્ષા રાખી છે.

દહેગામ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં છેવાડાનું ગણાતું દોડ ગામ મુસાફરી માટે વર્ષોથી ખાનગી વાહનોના ભરોસે રહ્યું હતું. તે અંગે ઉચ્ચ સત્તાવાળાઓ તેમજ સ્થાનિક નેતાગીરીને રજુઆતો કરવામાં આવી હતી અને તે મુજબ અમદાવાદ વિભાગીય નિયામક એન.બી. સિસોદીયાએ દહેગામ તાલુકાના દોડ ગામમાં એસ.ટીની સુવિધા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા જેના ભાગરૂપે દહેગામ ડેપોના મેનેજર હાર્દિકભાઈ રાવલને સાથે રાખી વિભાગીય નિયામકે દોડ ગામની મુલાકાત લઈ પરિસ્થિતિથી વાકેફ બન્યા હતા અને મુસાફરી માટે વેઠવી પડતી મુશ્કેલીઓનો તાગ મેળવ્યો હતો.

પરિણામ સ્વરુપ તાજેતરમાં વિભાગીય નિયામકની સુચના મુજબ દહેગામથી દોડ સેવાનો વર્ષો પછી પ્રારંભ કરાવી લોકોને એસ.ટી.ની મુસાફરી મળી રહે તે માટે કાયમી અમલ કરાયો છે. આ સેવાથી દહેગામ અને દોડ વચ્ચે આવતા વજાપુર, જોરાજીના મુવાડા, આંબજીના મુવાડા, અદાપુર ગામોને પણ એસ.ટી. બસ સેવાનો લાભ મળ્યો છે. દોડ સહિત આ તમામ ગામોના વિદ્યાર્થીઓને શાળાના સમયે જ એસ.ટી. બસ મળી રહેતા વાલીઓ ગ્રામજનો તેમજ અન્ય મુસાફરોમાં આનંદની લહેર વ્યાપી છે તેમજ આ સેવાને નિયમિત અને કાયમી રખાય તેવી અપેક્ષા રાખી છે.

## વિસનગર નાગર પરિવારના સાંસ્કૃતિક કાર્યક્રમમાં નામ નોંધાવવા બાબત

ગાંધીનગર, તા.૧૩

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની રજત જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રસ ધરાવતા કલાકારોએ સુરમધુર સંસ્થાના પ્રમુખ મયંકભાઈ દવેને તા. ૩૦મી ઓગસ્ટ સુધીમાં નામ નોંધાવવા જણાવવામાં આવેલ છે.

## શહીદ પ્રેમી ઓમકારનાથ ઠાકુરનું મુસ્લિમ અગ્રણીઓ દ્વારા સન્માન

ગાંધીનગર, તા.૧૩

ઓમકાર પાન પાર્લરના માલિક શ્રી ઓમકારનાથ ઠાકુર ૨૬ વર્ષથી સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી કરે છે. દર સ્વાતંત્ર્ય દિને તેઓ ૫૦૦ કિલોથી વધારે જલેબીનું આમ જનતામાં વિતરણ કરે છે. દેશભકિતના ગીતોની સંગીત પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. રકતદાન શિબિર પણ યોજાય છે. તેમની આ દેશભકિતની કદર રૂપે તા. ૧૫-૮-૨૦૧૮ના રોજ ગાંધીનગરના મુસ્લિમ અગ્રણી આઝાદભાઈ મનસુરી, ડાયરેકટર એન.કે. સ્કુલ, ઈનાયત અલી સૈયદ, શ્રીમતી લાડબેન, ખાદીમભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, ભુરાભાઈ મનસુરી, હનફભાઈ મનસુરી (દરિયાઈ) વગેરે તેમને મોમેન્ટો આપી તેમનું સન્માન કરશે. સેકટર-૨૩માં આવેલ બુલેટ વર્લ્ડના માલિક વનરાજસિંહ વાઘેલા, પૃથ્વીસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ૫૧ બુલેટ સવારોની રેલી રાષ્ટ્રીય ધ્વજના બેનર સાથે તેમજ રકતદાન કરોના બેનર સાથે નીકળશે અને ધ્વજવંદન સમારોહમાં હાજરી આપશે તથા ત્યાં યોજાયેલ રકતદાન શિબિરમાં રકતદાન પણ કરશે. આ પ્રસંગે જીતેન્દ્રસિંહ વાઘેલા-પ્રમુખ માઈક્રો શોપીંગ સેકટર-૨૮ તથા સીતારામ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પ્રતાપજી રામસંગજી, ઉ.વ. ૫૦
- સ્વ. ઠાકોર શંકાજી અણદાજી, ઉ.વ. ૬૫